આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ લેવાનારી મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

### સત્સંગ શિક્ષણ પરીક્ષા

# પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ ખંડ - ૨ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૧૩ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ : ૧૦૦

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

**☞ પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ: તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષાર્થીનો અભ્યાસ ....................................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઇઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

**☞ નીચે દર્શાવેલી સૂચનાઓ વાંચવા ખાસ વિનંતી :-**

૧. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૨. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૩. જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.

૪. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૫. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના કે પુરવણી જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.

૬. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૭. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલી પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.

૮. **પરીક્ષાખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧ (૪) | |
| | ૨ (૪) | |
| | ૩ (૩) | |
| | ૪ (૪) | |
| | ૫ (૬) | |
| વિભાગ - ૧, કુલ ગુણ (૨૧) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૬ (૧૨) | |
| | ૭ (૮) | |
| | ૮ (૧૨) | |
| | ૯ (૮) | |
| વિભાગ - ૨, કુલ ગુણ (૪૦) | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલા ગુણ |
|---|---|---|
| | ૧૦ (૧૨) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૬) | |
| | ૧૩ (૧૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ (૩૯) | | |

પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી

.....................................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક ૪ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યા વગર પરત મોકલવું.

## વિભાગ - ૧ : 'વચનામૃત'ના આધારે

**પ્ર. ૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. ભગવાનના જે સાધુ તે કોનાથી પણ અધિક છે ?

..........................................................................................................................

..........................................................................................................................

૨. શ્રીકૃષ્ણ ભગવાન કેવા જણાતા હોવા છતાં કેવા છે ?

૩. મનને સ્થિર અને નિર્વિષયી થવાનું મોટું સાધન કયું છે ?

૪. કોના જેવા થવાને કોઈ સમર્થ નથી ?

**પ્ર. ૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં)** [૪]

૧. કોણ આત્મસત્તારૂપે વર્તે છે ?

૨. મહારાજ ઘર મૂકીને નીસર્યા પછી તેમનું અંગ કેવું હતું ?

૩. ઇન્દ્રિયોનું રૂપ કેવું છે ?

૪. નિષ્કામી વર્તમાન દૃઢ કરવા મનને કેવી રીતે વશ કરવું ?

( ) ..........................................................................................................................

☞ **આ પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રમાણે પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્ર. ૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચાર થી પાંચ લીટીમાં)** [૩]

૧. નાડી જોયાનું

૨. આકાશને વિષે પથરો ફગાવવો

૩. જે ઘી ખાવાથી રોગ થાય તે જ ઘી વૈદ્યના માર્ગદર્શન અનુસાર લેવાથી રોગનો નાશ થાય છે.

( ) ..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્ર. ૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણ થી ચાર લીટીમાં)** [૪]

૧. માલમિલકત સળગી ગઈ એવા સંકટના સમયે આશાભાઈ પાસે શાસ્ત્રીજી મહારાજે રૂપિયા માગ્યા તો પણ આશાભાઈના નિશ્ચયમાં ફેર ન પડ્યો.

૨. અર્જુનને સ્વરૂપનિષ્ઠા દૃઢ હતી તો યુદ્ધમાં હજારોને માર્યા પણ સહેજે ઝાંખા ન પડ્યા.

૩. નંદકિશોરદાસે શાસ્ત્રીજી મહારાજનો દ્રોહ કર્યો તો તેમનો કોઈ રીતે છૂટકો થયો નહિ.

૪. તુકારામને અવળે ગધેડે બેસાડીને અપમાન કર્યું તો પણ તેમના હૈયામાં કોઈ જાતનો ઘાટ ન થયો.

( ) **સંદર્ભ :** ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**સમજૂતી :** ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્ર. ૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો.** [૬]

૧. અને અમારી પ્રકૃતિ એમ છે જે ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

.......................................................................................................... કુરાજીપો થતો નથી.

૨. તે ભક્ત ભગવાનની ....... છેટે રહેતા નથી.

૩. વૈરાગ્યહીન હોય તે ....... કૃપાએ કરીને ટળે.

**વિભાગ - ૨ : 'ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪' - નવી આવૃત્તિના આધારે**

**પ્ર. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. સમાજોદ્ધારક શ્રીહરિ

૨. સારંગપુરની લીલાઓ દ્વારા શ્રીજીમહારાજનું દિવ્ય વ્યક્તિત્વ

૩. 'આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે.' શ્રીજીના જીવનમાં ચરિતાર્થ થતી ઉક્તિ

( ) ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

**પ્ર. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) [ ૮ ]**

૧. શ્રીજીમહારાજની ભક્તવત્સલતા

૨. નિર્વિકલ્પાનંદની ઈર્ષ્યા અને મહારાજની ઉદાસીનતા

૩. રવજી સુથારનો આજ્ઞા લોપ અને લાગેલો દેશકાળ

( ) **પ્રસંગ - ૧ :** ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**પ્રસંગ - ૨ :** ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**પ્ર. ૮ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) [ ૧૨ ]**

૧. સોમબા ફૂઈ મહારાજને મનાવવા જાય છે.

૨. ખૈયો મેરુ જેવડો ડગ્યો અને આ પથરો પણ ડગ્યો.

૩. હોલિકા ઉત્સવનું રહસ્ય

૪. સન્માન થાય ત્યાંથી નીકળી જવું.

૫. વિરાટના હિંડોળે

( ) ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**મનન :-** ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

**પ્ર. ૯ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. નિત્યાનંદ સ્વામી
૨. આનંદ સ્વામી (આનંદાનંદ સ્વામી)

( ) ............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

**વિભાગ - ૩ : બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ - સંક્ષિપ્ત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે અને સામાન્ય જ્ઞાન નિબંધ**

**પ્ર. ૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો.** [૧૨]

૧. જ્ઞાનયજ્ઞની જુગલજોડી રાજકોટમાં સુભગ મિલન
૨. બ્રહ્મની અલમસ્તાઈ
૩. સેવામૂર્તિ યોગીરાજ

( ) ............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

**પ્ર. ૧૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો. (દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [ ૬ ]

૧. ઐશ્વર્ય

૨. નિઃસ્નેહી યોગીરાજ

૩. યોગીજી મહારાજના સમર્થ થકા ઝરણા

૪. મહેળાવની અલૌકિક પારાયણ

(    ) **પ્રસંગ - ૧ :** ..............................

..............................

..............................

..............................

..............................

**પ્રસંગ - ૨ :** ..............................

..............................

..............................

..............................

..............................

**પ્ર. ૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો.** [ ૬ ]

૧. ડુંડાસ ગામે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી જ્ઞાનજી દૂધપાક જમ્યા.

૨. અફીણના વ્યસનીને કાજે સહ્યાં દુઃખ જાણી જાણી.

૩. ગોંડલના કોઠારી હરજીવનદાસ ગાડું આપવા તૈયાર ન થયા.

૪. નારાયણભાઈ પટણીને કહ્યું, 'જગતની ગંધ કાઢી નાખવી છે.'

(    ) ..............................

..............................

..............................

..............................

..............................

..............................

..............................

..............................

..............................

..............................

..............................

**મનન :-** ..............................

..............................

..............................

..............................

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસ થી ચાલીસ લીટીમાં)** **[૧૫]**

૧. યુવા મહોત્સવ : એક અનન્ય આધ્યાત્મિક ઓલમ્પિયાડ
(સ્વામિનારાયણ પ્રકાશ - જુલાઈ - ઑગસ્ટ - ૨૦૧૨, પા. નં. ૨૯ થી ૩૫)

૨. સ્થિતપ્રજ્ઞની ઓળખ : ભગવદ્ગીતા (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ - ૨૦૧૨, પા. નં. ૪ થી ૫, ૪૪ )

૩. ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્પર્શથી પાવન : કાલુપુર સ્વા. મંદિર
(સ્વામિનારાયણ પ્રકાશ - મે - ૨૦૧૨, પા. નં. ૧૨ થી ૧૭)

( ) ..........................................................................................

☞ **પછીના પૃષ્ઠોમાં નિબંધ દર્શાવેલ છે.**

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

**અગત્યની નોંધ :-**

**ઉપરોક્ત પ્રશ્નપત્રમાં પ્રશ્નની નીચે આપેલી કોરી લીટીઓ ફક્ત નમૂનારૂપે દર્શાવી છે. મુખ્ય પરીક્ષામાં પ્રશ્નના ગુણ પ્રતિ વર્ષની જેમ જ, કુલ ૧૬ પાનામાં જરૂરિયાત મુજબ કોરી લીટીઓ આપવામાં આવી છે.**

* * *

આગામી વર્ષે ૩ માર્ચ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2013ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી

### પ્રાજ્ઞ : ૨-૧

૧. યુવા મહોત્સવ : એક અનન્ય આધ્યાત્મિક ઓલિમ્પયાડ (સ્વામિનારાયણ પ્રકાશ - જુ.- ઓગ. - ૨૦૧૨, પા.નં. ૨૯ થી ૩૫)

૨. સ્થિતપ્રજ્ઞની ઓળખ : ભગવદગીતા (સ્વામિનારાયણ પ્રકાશ - માર્ચ - ૨૦૧૨, પા.નં. ૪ થી ૫, ૪૪)

૩. ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્પર્શથી પાવન : કાલુપુર સ્વા. મંદિર (સ્વામિનારાયણ પ્રકાશ - મે - ૨૦૧૨, પા. નં. ૧૨ થી ૧૭)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૩ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૩ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ ‘સ્વામિનારાયણ પ્રકાશ’માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2013.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - પ્રાજ્ઞ - ૨

## ૧.

યુવા લેખકોની કલમે...

### અખિલ ભારતીય યુવા મહોત્સવ - એક અનન્ય આધ્યાત્મિક ઓલમ્પિયાડ

- હર્ષ રાઠોડ

(ડિપ્લોમા-વિઝ્યુઅલ આર્ટ, મુંબઈ)

આજથી લગભગ અઢી સહસ્રાબ્દી પૂર્વે પ્રાચીન ગ્રીસની ઓલિમ્પસ પર્વતની તળેટીમાં, ઓલિમ્પિયાના મેદાનમાં ઓલિમ્પિક રમતોત્સવ શરૂ થયો ત્યારે કોઈને કલ્પના નહીં હોય કે યુવાનોને વીરતા અને ચેતનભર્યા બનાવતો આ રમતોત્સવ, અઢી હજાર વર્ષ પછી ખેલ જગતનો સૌથી મોટો મહોત્સવ બની રહેશે. આજે, એક તરફ થોડા જ દિવસોમાં આવનારા ઓલિમ્પિક રમતોત્સવની ઉત્તેજના, ખાસ કરીને પશ્ચિમી દેશોમાં છવાઈ રહી છે ત્યારે, સારંગપુરના નાના એવા ગામમાં પ્રસાર-માધ્યમોના ઘોંઘાટ વિના, એક અદ્‌ભુત આધ્યાત્મિક ઓલિમ્પિયાડ યોજાઈ ગયો. અહીં હજારો યુવાનોના શરીરના કૌવત બતાવવાનો ખેલોત્સવ નહીં, અહીં તો મન અને આત્માને ખીલવવાનો વિરલ આધ્યાત્મિક મહોત્સવ હતો, જેના અધ્યક્ષપદે બિરાજતા હતા - અધ્યાત્મ જગતના શિરતાજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ.

યુવાનોનું આધ્યાત્મિક જીવનઘડતર કરતું અને તેમની આંતરિક પ્રજ્ઞા-ચેતનાને પ્રગટાવતું આ પર્વ હતું - બી.એ.પી.એસ. યુવા અધિવેશનનું. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ૧૯૫૪-૫૫માં પૂર્વ આફ્રિકાથી શરૂ કરાવેલાં યુવા અધિવેશનો ઇંગ્લેન્ડ, અમેરિકા, પૂર્વીય દેશો અને ભારતમાં પણ છેલ્લા કેટલાય દાયકાઓથી યુવાનોના આધ્યાત્મિક આકર્ષણનાં અનન્ય કેન્દ્ર બની રહ્યાં. તાજેતરમાં જૂન, ૨૦૧૨માં સારંગપુર ખાતે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી યોજાયેલું યુવા અધિવેશન પણ, યુવાનોના આકર્ષણનું અને તેમના જીવનઘડતરનું કેવું પર્વ બની રહ્યું! એ પર એક મહાનિબંધ લખી શકાય તેટલું બધું તેમાં સામર્થ્ય છે.

આ અધિવેશનમાં યુવાનોની આંતરિક શક્તિઓ ખીલે તેવી પ્રવચન સ્પર્ધા, નિરૂપણ સ્પર્ધા, સ્કિટ સ્પર્ધા, સમૂહ કીર્તનગાન સ્પર્ધા વગેરેમાં યુવાનો અકલ્પ્ય તૈયારીઓ કરીને આવ્યા હતા. પ્રવચન સ્પર્ધા કે નિરૂપણ સ્પર્ધામાં યુવાનોમાં માત્ર પ્રભાવશાળી વક્તૃત્વ કલા જ નહીં, તેમના વિષયનું ઊંડાણ અને પ્રભુત્વ એવાં પ્રભાવક હતાં કે નિર્ણય લેવામાં નિર્ણાયકોની જ કસોટી થઈ જાય. તો સંગીત અને સ્કિટ સ્પર્ધામાં પણ એવો જ માહોલ હતો. નિરૂપણ સ્પર્ધા-પ્રવચન સ્પર્ધાના નિર્ણાયકો વિવેકજીવનદાસ સ્વામી, જ્ઞાનવત્સલદાસ સ્વામી, આદર્શજીવનદાસ સ્વામી, આત્મતૃપ્તદાસ સ્વામી વગેરે સંતોએ એક અવાજે કહ્યું : 'વિષયને વળગીને ક્રમબદ્ધ રજૂઆતની દૃષ્ટિએ, તર્કની દૃષ્ટિએ, સંદર્ભની દૃષ્ટિએ, પ્રવચનના આરંભ કે અંતની દૃષ્ટિએ સર્વાંગી રીતે યુવકોનાં પ્રવચનો-નિરૂપણો નતમસ્તક કરી દે તેવાં અદ્‌ભુત હતાં.'

તો સંગીત સ્પર્ધાના નિર્ણાયકો - વિશ્વસ્વરૂપદાસ સ્વામી, પ્રેમવદનદાસ સ્વામી વગેરે સંતોએ કહ્યું, 'કીર્તન ગાનારા યુવકોમાં સ્વરમાલિકા-સરગમ માંડીને સૂર ને તાલ બધાનું ધોરણ એટલું ઊંચું હતું કે દંગ રહી જવાય. વળી, સ્વામીશ્રીને રાજી કરવાનું એ લોકોને જે તાન હતું એ ચોખ્ખું દેખાય. મહારાજ-સ્વામીને રાજી કરવા માટે એટલો ઉમંગ હતો, કે એ આપણને હૃદયે સ્પર્શી જાય. ગ્રામ્ય વિસ્તાર કે આદિવાસી વિસ્તારના યુવકોને તો પ્રોફેશનલ તાલીમ નહોતી તો પણ એમની રજૂઆત ખૂબ પ્રભાવક હતી.'

સ્કિટ સ્પર્ધાના નિર્ણાયક નારાયણમુનિદાસ સ્વામી કહે છે : 'સ્કિટ એક રચનાત્મક કસોટી છે. તેની ક્રિએટિવ સ્ક્રિપ્ટ લખવી અને તે પણ યુવાનોને કંઈક આધ્યાત્મિક સંદેશ અને પ્રેરણા આપતી હોય તેવી લખવી, તેને રેકોર્ડ કરવી, તેના પર અભિનય કરવો - આ બધું વિદ્યાર્થીઓ આટલી બધી સુંદર કક્ષાએ કરી શકશે તેની કલ્પના જ ન આવે ! એક એકથી ચઢિયાતી સ્કિટમાં પીઢ ઘડાયેલી કલમ અને અભિનયમાં યુવાનોની તદ્‌રૂપતા ખરેખર પ્રભાવિત કરી ગઈ !'

અને સૌથી વધુ અઘરી સ્પર્ધા હતી - મુખપાઠની.

તક્ષશિલા, નાલંદા, કાશી, વલ્લભી જેવાં વિશ્વવિદ્યાલયોથી જગદ્‌ગુરુ બનેલી ભારતી ધરતીમાં આજકાલ યુનિવર્સિટીઓ, કૉલેજો, ઈન્સ્ટિટ્યૂટોનો જાણે વિસ્ફોટ થયો છે. કૉલેજો અને યુનિવર્સિટીઓનાં પ્રાંગણો વિદ્યાર્થીઓથી ઊભરાય છે, પરંતુ વર્ગખંડો ખાલી છે. ક્યાંક ક્યાંક વર્ગખંડો ભરાયા છે તો માંહ્યલો બહાર છે. આંગળીને ટેરવેથી કદાવર પુસ્તકોનાં પાનાંઓ આંખ સામે ફરફરે છે, પરંતુ ગ્રહણશક્તિ કે યાદશક્તિના નામે મીંડું છે અને એમાંય કેલ્ક્યુલેટર, કમ્પ્યૂટર, મોબાઈલ કે ઈન્ટરનેટના આ યુગમાં વિદ્યા કંઠસ્થ કરવાની ક્ષમતા આધુનિક યુવાનોમાં સાવ કુંઠિત થતી જાય છે.

પ્રાચીન ભારતીય ગુરુકુળ શિક્ષણ પદ્ધતિની એક આગવી વિશેષતા હતી : મુખપાઠી વિદ્યા. જ્ઞાન પ્રાપ્ત કરવાની સૌથી વધુ મહત્ત્વની આ એક માત્ર પદ્ધતિ હતી. વિદ્યાર્થીએ અગણિત વાર પાઠ કરીને, ગુરુએ આપેલા જ્ઞાનને કંઠસ્થ કરી લેવાતું. પ્રાચીન ભારતમાં જ્ઞાન મેળવવા માટે યાદદાસ્ત કેળવવા પર સૌથી વધુ ભાર મુકાતો હતો. આજે કદાચ માની ન શકાય એટલી હદે યાદશક્તિ - મેમરી પાવર એ હજુ થોડા જ દાયકાઓ સુધી ભારતીયોનું આગવું પાસું બની રહ્યું હતું. જગવિખ્યાત ઓક્સફર્ડ યુનિવર્સિટીના 'બોડલિયન ચેર ઑફ સંસ્કૃત'ના અધ્યક્ષ અને પ્રસિદ્ધ જર્મન વિદ્વાન મેક્સમૂલર ભારતીયોની આ મુખપાઠી વિદ્યા અને મેમરી પાવરથી અતિ પ્રભાવિત થતાં નોંધે છે : ૩૦,૦૦૦ કરતાં વધુ શ્લોકોનો મુખપાઠ ભારતના વિદ્યાર્થીઓને સહજ હતો !

એક તરફ ભારતની આ મુખપાઠ કરવાની પ્રાચીન ક્ષમતા ઓસરતી જાય છે ત્યારે બીજી તરફ આપણા આધ્યાત્મિક વારસાને જીભને ટેરવે અને રોમરોમમાં રમતો રાખવાની યુવાનોને અદ્‌ભુત પ્રેરણા યોગીજી મહારાજે તેમજ પ્રમુખસ્વામી મહારાજે આપીને એક ક્રાંતિ સર્જી છે. તેનો પરિચય યુવા અધિવેશનમાં મળી ગયો. આધુનિક શિક્ષણ-પંડિતો દંગ રહી જાય એવો માહોલ યુવા અધિવેશનમાં પૂર્ણ મુખપાઠ સ્પર્ધામાં જામ્યો હતો. આ વખતે પૂર્ણ મુખપાઠની સ્પર્ધામાં યુવાનોની એ શક્તિઓ મ્હોરી ઊઠી. પૂર્ણ મુખપાઠ એટલે ભગવાન સ્વામિનારાયણનાં વચનામૃત, તેના કરતાં પાંચ ગણી સંખ્યામાં સ્વામીની વાતો, તેના કરતાં બે ગણી સંખ્યામાં પરમહંસ રચિત કીર્તનો અને તેનાં કરતાં ૧૦ ગણી સંખ્યામાં શાસ્ત્રીય શ્લોકો તેમજ પ્રેરક સાખીઓનો મુખપાઠ.

આધુનિક શિક્ષણનો પદ્ધતિમાં ટેવાયેલા યુવાનો માટે કદાચ આ સૌથી વધુ કપરી સ્પર્ધા હતી. એમાં મોટે ભાગે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસની ફાઈનલ વાર્ષિક પરીક્ષાનો સામનો કરીને આ મુખપાઠ કરવાનો હતો. કેટલાકને અભ્યાસ ઉપરાંત નોકરી, વ્યવસાય કે કૌટુંબિક જવાબદારીઓ પણ કમરતોડ હતી, પરંતુ તેમાંય આ નીખરી ઊઠ્યા. જો કે બધા જ યુવાનોનો અનુભવ એક જ સ્વરે પડઘાતો હતો - આ મુખપાઠ અમારા જીવનને તમામ દૃષ્ટિએ સૌથી વધુ ફળદાયી નીવડ્યો છે.

થોડીક વાત એ યુવાનોના સ્વમુખેથી...

ધોરણ ૧૨ સાયન્સમાં ભણી રહેલા જૂનાગઢના રાજ પટોડિયા માતાપિતા સાથે ઉત્તર ભારત અને દિલ્હીના અક્ષરધામની ગોઠવાયેલી યાત્રામાં જવાનું છોડીને પૂર્ણ મુખપાઠ અને અન્ય સ્પર્ધાઓની તૈયારીઓ માટે જૂનાગઢના મંદિરે જ રોકાઈ ગયા. રાજ કહે છે કે ‘અધિવેશનની સાથે સાથે ૧૨મા ધોરણની સાયન્સની પરીક્ષા હોવાથી છ કલાક હું પરીક્ષા માટે અભ્યાસ કરતો અને છ કલાક હું અધિવેશનની તૈયારી કરતો. તેમાં ખાસ કરીને હું વચનામૃતનો મુખપાઠ કરતો તેનાથી મારી એકાગ્રતા ખૂબ વધી જતી અને એને લીધે મારો અભ્યાસ બમણો ઝડપી અને ફળદાયક થઈ જતો. વળી, એકાગ્રતા વધવાને કારણે રિવિઝન પણ ખૂબ ઝડપથી થતું.’

અધિવેશન તેનું કેવું આધ્યાત્મિક ઘડતર કર્યું તેની વાત કરતા તે કહે છે : ‘મને કથાવાર્તામાં તો કોઈ રસ હતો જ નહીં. કથાવાર્તા આવે એટલે મારો ઊંઘવાનો સમય ચાલુ થતો, પણ જ્યારથી મેં વચનામૃત વાંચ્યું ને બ્રહ્મ-પરબ્રહ્મની ઉપાસનાની વાતો સાંભળી, ત્યારથી ખૂબ રસ પડવા લાગ્યો - મને હવે સમજાય છે. વળી, મારામાં આત્મવિશ્વાસ ડેવલપ થયો. અધિવેશનમાં મળેલી તાલીમના કારણે મને એવું લાગે છે કે ભવિષ્યમાં હું કોઈપણ કંપનીમાં ઈન્ટરવ્યૂ દેવા જઈશ, એમાં સફળ જ થઈશ.’

મેથેમેટિક્સમાં એમ.એસ.સી., એમ.ફીલ. કરીને એલ. ડી. એન્જિનિયરીંગ કૉલેજમાં વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં નડિયાદના જયદેવ પટેલે ૫૧ વચનામૃતોને સમાંતર પૂર્ણ મુખપાઠ કર્યો છે. જયદેવ કહે છે, ‘સત્સંગ તો મને બાળપણથી જ છે, પરંતુ અધિવેશનને કારણે મુખપાઠ કર્યો તેનાથી સત્સંગનાં મૂલ્યો જીવનમાં ઘૂંટાયાં અને દૃઢ થયાં. સત્સંગને લીધે નિર્ભયતા આવી છે. સ્વામીશ્રીજી આપણું રક્ષણ કરનારા બેઠા જ છે - એવો દૃઢ વિશ્વાસ આવી ગયો.’

રાણપુરમાં ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરતા વીરેન્દ્ર ગવાણિયાને આ અધિવેશન પહેલાં પણ પરીક્ષા હતી અને અધિવેશન પછી પણ પરીક્ષા હતી. પરંતુ અભ્યાસ અને અધિવેશન બંનેનું સંતુલન જાળવીને તેમણે સુંદર તૈયારી કરી. અધિવેશનમાં કરવાના મુખપાઠને કારણે તેમને અભ્યાસમાં ગ્રહણ શક્તિમાં પણ વધારો થયો. અને સાથે સાથે એકાગ્રતા, સમયપાલન, નિયમિતતા, પ્રાતઃપૂજા, માતાપિતાને પંચાંગ પ્રણામ વગેરે સુટેવો વિકસી અને ઘણી બધી કુટેવો છુટી ગઈ.

પાલીતાણા ક્ષેત્રના રામધીરી ગામના ધીરુ જીવરાજભાઈ ગોળકિયાએ આર્થિક કટોકટીને કારણે ૯ ધોરણ સુધી ભણીને અભ્યાસ છોડી દીધો હતો. એક તો ઓછું ભણતર, દોડાદોડીવાળી જિંદગી, એમાં વળી કુરિયરનું કપરું કામ, તોય *‘અડગ મનના માનવીને હિમાલય નડતો નથી’* એ સૂક્તિને ધીરુભાઈએ ચરિતાર્થ કરી બતાવી. સુરતમાં રહીને કુરિયરનું કામ કરતાં કરતાં તેમણે ૫૦ વચનામૃત, ૧૦૦ કીર્તન, ૨૫૦ સ્વામીની વાતો, ૨૫૦ શ્લોક-સાખીનો મુખપાઠ કર્યો છે. તેઓ કહે છે, ‘સવારે ઊઠું ત્યારથી મનમાં એ જ ઘૂંટાતું હોય કે મારે અધિવેશનમાં ભાગ લઈને સ્વામીબાપાને રાજી કરવા છે. એટલે મુખપાઠમાં ખંતથી જોડાઈ ગયો. આમ તો રોજ સવારે પાંચ વાગ્યે ઊઠું છું ને બાજુમાં મંદિર છે ત્યાં સાફસફાઈ વગેરે સેવામાં જાઉં છું. સેવા કરતાં કરતાં પણ મુખપાઠ કરતો રહું. મારા ખિસ્સામાં જ મુખપાઠનું મટીરીયલ્સ રાખું અને જ્યારે પણ જ્યાં પણ સમય મળે ત્યારે, રિક્ષામાં હોઉં, હાલ્યો જાતો હોઉં, મંદિરે જતો હોઉં, સૂતો હોઉં, જમતો હોઉં, સ્નાન કરતો હોઉં, સતત મુખપાઠ કરતો રહું, જૂનો કરેલો મુખપાઠ યાદ કરતો રહું.’

ધીરુભાઈ કહે છે કે, ‘પહેલાં બે શબ્દોય બોલી શકતો નહોતો, પણ આ અધિવેશન દ્વારા પ્રવચન કરવાની તાલીમ મળી. હવે હજારો માણસો બેઠા હોય એની વચ્ચે પ્રવચન કરી શકું છું.’

ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરિંગમાં ભણતા અમદાવાદના કેવલ શેઠવાલાએ યુવકો સાથે ચર્ચા કરીને સંવાદની સ્ક્રીપ્ટ લખી. નવ વખત લખી અને નવ વખત ફાડી નાંખી. દસમી વખતે સંતોષકારક સ્ક્રીપ્ટ થઈ. એન્જિનિયરિંગની ફાઈનલ એક્ઝામ વચ્ચેના રજાના બે દિવસોમાં અધિવેશનમાં ભાગ લેવા સારંગપુર આવ્યો હતો. કેવલ કહે છે, ‘એન્જિનિયરિંગમાં સેમિસ્ટરની પરીક્ષા દર છ મહિને એક વાર આવે છે પણ આવું અધિવેશન ભાગ્યે જ આવે છે. એટલે મેં અધિવેશનને પહેલી પ્રાયોરિટિ આપી. કારણ કે એ મને સમગ્ર જીવન દરમ્યાન કામમાં આવશે. કદાચ આ પરીક્ષાઓનું તો છ મહિના વાંચીશ, મૂકી દઈશ, ચોપડા માળિયે ચઢી જશે, પછી ક્યાંય કામમાં નહીં આવે. પણ અધિવેશનમાં મેં જે ભાથું ભર્યું હશે તે મને સમગ્ર જીવન દરમ્યાન કામ આવશે. આથી જ મેં પહેલાં એક પ્રાયોરિટી નક્કી કરી લીધી કે મારે અધિવેશનમાં શ્રેષ્ઠ તૈયારી કરવી છે અને સ્વામીબાપાને રાજી કરવા છે.’ અલબત્ત, યુવકમંડળમાંથી મળેલી સમયની વ્યવસ્થિતતાની તાલીમને કારણે તેણે અભ્યાસને સાવ ઉપેક્ષિત નહોતો રાખ્યો. તે કહે છે, ‘અધિવેશનની તૈયારીને કારણે મને એક વિઝન ખૂલ્યું કે મારે મારા અભ્યાસની બુક કઈ રીતે વાંચવી, એની સૂઝ વિકસી.’

મુંબઈમાં ખારઘર ખાતે મુખપાઠ માટેના દોઢ મહિનાના યુવા-કેમ્પમાં રહીને યુવાનોએ અધિવેશનની તૈયારીઓમાં દિવસ-રાત એક કર્યાં હતાં. એવા

યુવાનોમાંના એક ચિરાગ પરમારે સી.એ. ઈન્ટરનો અભ્યાસ કરતાં કરતાં ૧૦૧ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો છે. ચિરાગ કહે છે, 'વચનામૃતનો આ મુખપાઠ કર્યા બાદ લાગે છે કે ત્રણ મહિના પહેલાં કંઈક અલગ જ હતો અને આજે હું કંઈક અલગ છું. વિચારો અને વર્તનમાં કંઈક દિવ્યતા અનુભવાય છે. આટલાં વચનામૃત મેં મોઢે કર્યાં અને એટલું બધું યાદ છે એનો સતત આનંદ થાય છે. બહારના યુવાનોને હું જોઉં છું તો મને મારા પ્રત્યે ગર્વ થાય છે કે હું પ્રમુખસ્વામી મહારાજ ને બી.એ.પી.એસ.નો છું.'

મિકેનિકલ એન્જિનિયરિંગનું ત્રીજું વર્ષ પૂર્ણ કરીને અધિવેશનમાં જોડાયેલા રાજકોટના ઉમંગ બારોટ કહે છે, 'અધિવેશનને કારણે સૌથી મોટો ફાયદો એ થયો કે સ્વામીશ્રીના જીવનમાંથી પ્રેરણા લઈને મને ટાઈમ મેનેજમેન્ટ આવડી ગયું. સામાન્ય રીતે ભણવાનું પતે પછી નવરાશની પળોમાં અમારો ટાઈમ વેડફાતો હોય છે. અધિવેશન માટે મેં આવા વેડફાતા મારા ટાઇમનો ઉપયોગ કર્યો. એક્ઝામની વચ્ચે વચ્ચે પણ અધિવેશનની તૈયારીઓ હું કરી લેતો. બસમાં અપ-ડાઉન વખતે કે ક્યાંક થોડો સમય નવરા ઊભા રહેતી વખતે કાનમાં હેડફોન ભરાવીને સત્સંગની પ્રશ્નોત્તરી સાંભળું. વળી, હું પાર્ટ ટાઈમ જોબ કરું છું. સાથે સાથે ડિપ્લોમા સ્ટુડન્ટ ને સી.બી.એસ.સી. સ્ટુડન્ટ્સને પણ ભણાવું છું. આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે દિવસ દરમ્યાન જ્યારે ગેપ મળે, એનો ઉપયોગ કરતો. જો કે અધિવેશનની તૈયારીઓમાં વેગ આપવા માટે છેલ્લો મહિનો મેં જોબ પણ છોડી દીધી હતી.'

ઉમંગ કહે છે, 'એક સમય એવો હતો કે ટ્રેનમાં કે બસમાં જતાં હોઈએ ને તિલક-ચાંદલો જોઈને કોઈ સવાલ પૂછે તો ઝાઝું બોલી શકતો નહોતો. પણ આ અધિવેશનને કારણે ઘણી બધી ખબર પડી કે આપણું તત્ત્વજ્ઞાન શું છે, આપણા સિદ્ધાંતો શું છે, આપણો ઇતિહાસ શું છે. હવે એક આત્મવિશ્વાસ જાગ્યો છે કે અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત સમજાવવો હોય તો ક્ષમતાથી બોલી શકીશ. વળી, આ પ્રવચનની તૈયારી કરતાં કરતાં કાવ્યપંક્તિઓ લખવી કે ભાષા અલંકારિત કરવી - એ બધી બાબતો શીખવા મળી. અમારામાં આવી શક્તિ છે એની જાણ પણ નહોતી કે બહાર લાવવાવાળું પણ કોઈ નહોતું. આ અધિવેશન એક એવું માધ્યમ બન્યું કે જેનાં સ્મરણો સ્મૃતિપટ પર સદાયને માટે રહેશે.'

એમ.કોમ. કરીને હવે, એમ.બી.એ. કરી રહેલા વડોદરાના અભિષેક જશવંતભાઈ બ્રહ્મભટ્ટ એક લિમિટેડ કંપનીમાં જોબ કરે છે. એક બાજુ જોબ પરની જવાબદારીઓ, બીજી બાજુ એમ.બી.એ.નો અભ્યાસ અને તેની પરીક્ષાઓ, અને એમાં વળી અધિવેશનની તૈયારીઓ કરવાનું કેવી રીતે પરવડે ? અધિવેશનના દિવસોમાં જોબમાંથી રજા મેળવવાનું પણ કપરું હતું તો તેની તૈયારીઓ માટે તો રજા ક્યાંથી મળે ! પણ તેઓ કટિબદ્ધ હતા. આથી સમયની પાબંદી વચ્ચે ક્ષણેક્ષણ બચાવીને એવી રીતે મુખપાઠની મહેનત કરવામાં લાગી ગયા કે ઊંઘમાં પણ સ્મરણપટ પર મુખપાઠ કરેલાં વાક્યો સરક્યાં કરે. આવી રીતે તૈયારીઓ કરીને સારંગપુર ખાતે અધિવેશનમાં પહોંચવા માટે તેઓ મથી રહ્યા હતા, તો બીજી તરફ જોબમાંથી રજા મેળવવામાં જવાબદારીઓ અદા કરીને જ નીકળી શકાય તેવું હતું. આથી, જોબમાંથી રજા મેળવવા તેઓએ પરીક્ષાની તૈયારીઓ વચ્ચે બેવડું ખેંચાઈને વિશેષ કામ કર્યું અને અધિવેશનમાં પહોંચી ગયા. તેઓ કહે છે, 'કામની ચોકસાઈની મારી પ્રકૃતિ અનુસાર ઓફિસ કામ દરમ્યાન મુખપાઠ શક્ય નહોતો. હું બાળકાર્યકર પણ છું, તેથી અડધો કલાક તેની સેવા આપું. આવા સંજોગોમાં એક એક મિનિટ બચાવીને મુખપાઠ કરવા લાગી ગયો. ઘર-ઓફિસ વચ્ચે ૧૧ કિ.મી.નું અંતર હતું. એટલે આવવા-જવાના ૨૨ કિ.મી.ના અંતરમાં હું હેન્ડ્સ ફ્રી દ્વારા હું મુખપાઠ કરતો. સંસ્થાના માર્ગદર્શનને અનુસરવાથી આ મહેનત મને ખૂબ ફળી છે. આમ, પણ બી.એ.પી.એસ. સંસ્થાએ મને ઘણું માર્ગદર્શન આપ્યું છે. એક સમય એવો હતો કે જો આ સંસ્થા ન હોત તો હું કદાચ ક્યાંય ફંટાઈ ગયો હોત. તેનું ઋણ હું આખી જિંદગી નહીં ચૂકવી શકું.'

મહેળાવ ક્ષેત્રના મીત ગિરીશભાઈ પટેલને તો યાદશક્તિ જ ખૂબ નબળી હતી. તેઓ કહે છે, 'એક વિદ્યાર્થી તરીકે હું વાંચવા બેસું ત્યારે મને યાદ જ રહે નહીં, યાદ રહે તો પણ માંડ થોડું થોડું યાદ રહે. પણ પરમ પૂજ્ય સ્વામીશ્રીની આજ્ઞાનુસાર અધિવેશનમાં જોડાયો, વચનામૃત મોઢે કર્યાં, તેમાંથી અજોડ કોન્ફિડન્સ જાગ્યો. હવે, હું એકાગ્ર ચિત્તે વાંચીને યાદ રાખી શકું છું.'

પોરબંદર ક્ષેત્રના ધવલ ફટાણિયા પોતાની દુકાનના કામકાજ વચ્ચે ઓડિયો સાંભળી સાંભળીને મુખપાઠ કરવામાં લાગી ગયા હતા. તેઓ કહે છે, 'હું દુકાનમાં બેઠાં બેઠાં વચનામૃતનો મુખપાઠ કરતો હોઉં અને હજુ માંડ લીંક પકડાણી હોય એટલામાં કોઈ ઘરાક આવે એટલે મારે તેમાં ધ્યાન આપવાનું થાય. પાછું પહેલેથી વચનામૃત મોઢે કરવું પડે. એમ એક દિવસમાં માંડ એક વચનામૃતનો મુખપાઠ થતો. પછી તો વહેલી સવારથી જ વેગ લગાડી દીધો. જમીને સીધો મુખપાઠ માટે બેસી જતો. બપોરે પણ ઊંઘવાનું નહીં. રાત્રે પણ રાતના દોઢ-બે વાગ્યા સુધી વાચું અને સવારે ૫-૬ વાગે ઊઠી ૮ વાગ્યા સુધી તેમાં લાગેલો રહું. એમ કરતાં કરતાં ૫૧ વચનામૃતને સમાંતર મુખપાઠ થયો. યોગીબાપાનો સંકલ્પ હતો કે મારે ૫૧ યુવકો મારે સાધુ કરવા છે. એ આંકને ધ્યાનમાં રાખીને પછી મેં ૫૧ વચનામૃતોનો સંકલ્પ કરેલો. ક્યારેક દુકાનમાં કોઈક તકલીફ આવતી ત્યારે ઘણો નિરાશ થઈ જતો. પણ ત્યારે પ્રમુખસ્વામી મહારાજની છબિ સામે જોતો અને વિચાર કરતો કે સ્વામીબાપા આપણા માટે આટઆટલા ભીડા વેઠી વિચરણ કરતા હોય તો હું આટલું ન કરી શકું ? બસ, એમાંથી જ મને બળ મળી જતું, અને એમ થતું કે મહારાજ-સ્વામી મને જુએ છે, એમને રાજી કરવા મારે શ્રેષ્ઠ કાર્ય કરવું જ છે. આ મુખપાઠ અને અધિવેશનમાં જોડાવાથી ખૂબ ફાયદો થયો. પહેલાં તો કોઈ કહે કે તમારે પ્રવચન કરવાનું છે તો એના માટે હું દિવસો માંગતો. પણ હવે અત્યારે કોઈ કહે તો થોડી જ ક્ષણમાં હું પ્રવચન કરી શકું. એવો વિશ્વાસ આવી ગયો.'

પૂનામાં જોબ કરતાં મુંબઈના ઘનશ્યામ મિસ્ત્રીએ રોજ પૂનાથી મુંબઈ અપડાઉન કરતાં કરતાં ૪૧ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો હતો. અધિવેશનને કારણે જીવનમાં આવેલા પરિવર્તન અંગે તેઓ કહે છે, 'પહેલી વસ્તુ તો એ બની કે સાત વાગ્યાની આસપાસ ઊઠતો, એને બદલે મુખપાઠ કરવા માટે ચાર-સાડાચાર વાગે ઊઠવાનું ચાલું થઈ ગયું. તે સમયે ખૂબ તાજગી હોય છે, તેને કારણે યાદશક્તિ પણ વધવા માંડી. આમ તો મેં એન્જિનિયરીંગના અભ્યાસ દરમ્યાન કોઈ દિવસ મુખપાઠ કર્યો નહોતો. પણ હવે લાગે છે કે મુખપાઠ કર્યો હોત તો તે ટાઈમે બુદ્ધિ કેવી વધત ! જૉબ કરું છું એમાં પણ મુખપાઠને કારણે કોન્સેન્ટ્રેશન ખૂબ વધી ગયું છે. વળી, *વાણી દૂધની પેઠે વાપરવાની* - મુખપાઠમાં ગોખેલી યોગીજી મહારાજની આ શિખામણ ખરેખર મને ખૂબ મદદરૂપ થાય છે. બી.એ.પી.એસ. અને આ અધિવેશને મારા જીવનનું એવું ઘડતર કરી નાખ્યું છે કે હવે ક્યારેય કાંઈ વાંધો નહીં આવે. વચનામૃતનો જે અભ્યાસ કર્યો છે તેનું થોડુંક પણ જ્ઞાન મદદે આવશે અને અંતર્દષ્ટિ થઈ જશે તો ગમે તેવા પ્રશ્નમાંથી ઊગરી જઈશ.'

સુરતમાં સી.એ. ફાઈનલમાં અભ્યાસ કરતા જયેશ મનજીભાઈ અવૈયાને માટે માર્ચ મહિનો એટલે આર્ટીકલશિપમાં ખૂબ મહત્ત્વનો સમય. તોપણ થોડો થોડો સમય બચાવીને મુખપાઠથી કરતાં કરતાં ૮૧ વચનામૃતને સમાંતર પૂર્ણ મુખપાઠ કર્યો! એપ્રિલ મહિનામાં તો આર્ટીકલશિપ અને જમવાનું બાદ કરતાં રોજ સળંગ ૧૨ થી ૧૪ કલાક જેટલો સમય મુખપાઠ અને અધિવેશનની તૈયારીમાં જ વીતાવ્યો. તેની પાછળનું મોટીવેશન-બળ હતું એક સુખદ સ્મરણ. તેઓ કહે છે : 'બાળમંડળમાં હતો ત્યારે ૨૦૦૪ના વેકેશનમાં ૫૧ વચનામૃતનો મુખપાઠ કર્યો હતો. તે વખતે સ્વામીશ્રીએ રાજી થઈને સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવમાં ઇનામ આપેલું. ઇનામ લેવા માટે સ્વામીબાપા પાસે ગયો ત્યારે તેઓએ કહ્યું હતું કે 'બુદ્ધિ તો ઘણી છે, પણ સારી જગ્યાએ અને જ્યારે પણ તક મળે ત્યારે ઉપયોગ કરજો.' એ સ્મૃતિ આજપર્યંત સચવાઈ છે. સ્વામીશ્રીના એ વચનના બળે જ આ વખતે પણ અધિવેશનમાં તક ઝડપી લઈને ભાગ લીધો. આ મુખપાઠ કરવાથી અંગત જીવનમાં ખૂબ લાભ થયો. લોભ, કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા, અભાવ-અવગુણ, ખટપટ - એ બધા અંતરશત્રુઓ છે એમ સમજાયું. એ બધા દોષો પાછા પડી ગયા, કુસંગનો માર્ગ છુટતો હોય ને સત્સંગના માર્ગે વ્યવસ્થિત પ્રગતિ થતી હોય એવું લાગ્યું.'

ભાવનગરમાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગના ત્રીજા વર્ષમાં ભણી રહેલા નિરજ એમ. પટેલે ૫૦ વચનામૃત, ૨૫૦ સ્વામીની વાતો, ૨૫૦ સાખી અને ૧૦૦ કીર્તનનો મુખપાઠ કર્યો છે. નિરજ કહે છે, 'અત્યાર સુધી કોલેજ કે સ્કુલની પરીક્ષામાં કોઈ બાબત યાદ રાખવી હોય તો બહુ જ મહેનત પડતી હતી. પરંતુ આ મુખપાઠને કારણે મેમરી પાવરમાં વધારો થયો છે. હવે, બે-ત્રણ જ વાર વાંચું છું ને યાદ રહી જાય છે.'

મુંબઈના વિક્રોલી પરામાં રહેતા રાજેશ પુનૈયાએ ૧૨મા ધોરણની પરીક્ષા આપીને અધિવેશનમાં ભાગ લીધો હતો. રાજેશની મુશ્કેલી એ હતી કે તેને ગુજરાતી વાંચતાં બિલકુલ આવડતું નહોતું. તેના મદ્રાસી પિતાને કારણે ઘરમાં ગુજરાતી વાતાવરણ જ નહોતું. છતાં, સ્થાનિક મંડળ સંચાલક જિજ્ઞેશભાઈના ઉત્સાહથી ધીમે ધીમે તેણે ગુજરાતીમાં મુખપાઠ કરવાનું શરૂ કર્યું. વચનામૃતનો મુખપાઠ તો અંગ્રેજીમાં કર્યો પરંતુ કીર્તનો, સાખીઓ, સ્વામીની વાતો વગેરે ગુજરાતી જ મુખ્યત્વે હોવાથી સામા પૂરે તરવા જેવી અઘરી બાબત હતી. આમ છતાં કાર્યકરોના સહયોગથી ધીમે ધીમે એક એક શબ્દ અને પંક્તિનો અર્થ સમજી સમજીને તેમણે સતત પ્રયાસ ચાલુ રાખ્યો. લગાતાર ત્રણ મહિના સુધી મથતાં મથતાં તેમણે ૨૫ વચનામૃતને સમાંતર વચનામૃત, સ્વામીની વાતો, કીર્તનો, શ્લોક-સાખીઓ કંઠસ્થ કર્યાં ! અને તેમાંય બિનસત્સંગી પિતાનો રોષ ભભૂકી ન ઊઠે તે રીતે આ મુખપાઠ કરવામાં રાજેશે ઘણો સંઘર્ષ કર્યો.

ભાવનગરના ૨૫ વર્ષીય ઘનશ્યામ પુરુષોત્તમભાઈ કુવાડિયા ૧૨ ધોરણ પછી અભ્યાસ છોડીને ઘણા સમયથી રત્ન કલાકાર તરીકે વ્યવસાય કરે છે. તેમણે અધિવેશનમાં ૩૫ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો. ઘનશ્યામે મુખપાઠ શરૂ કર્યો ત્યારે કેટલાક કટાક્ષમાં હસતા, પરંતુ મનોબળ મજબૂત રાખી મુખપાઠ કરીને સિદ્ધિ મેળવનાર તેઓ કહે છે કે, 'મને મુખપાઠ કરવાથી એવો અહેસાસ થયો કે મહેનત કરવાની તૈયારી હોય તો આપણે ધારીએ એ કામ કરી શકીએ.'

દીવમાં મેઈન્ટેનન્સ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ૨૩ વર્ષીય યોગીકિરણ પરમાર, જોબમાં કામના બોજ વચ્ચે પણ થોડો થોડો સમય બચાવીને અધિવેશનની તૈયારી કરતા રહ્યા. તેઓ કહે છે કે, 'પહેલાં નબળા વિચારો આવતા કે આપણાથી શું થાય ? ક્યારેક તો ખૂબ નિરાશ થઈ જતો. પરંતુ મુખપાઠ અને સત્સંગ સભાઓને કારણે સકારાત્મક વિચારો આવવા લાગ્યા. જીવનમાં સારા માર્ગે સતત આગળ વધવાની પ્રેરણા સ્વામીશ્રીના જીવનમાંથી પ્રાપ્ત થતી રહી છે. હું પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાનો ખૂબ આભારી છું.'

મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતાં કરતાં, એન્જિનિયરિંગની ફાઈનલ પરીક્ષાની તૈયારીઓ કરતાં કરતાં, ભાવનગરના શ્રી કૃણાલ પટેલે ૬૦ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો છે. તેઓ જણાવે છે, 'અધિવેશન પૂર્વે મારામાં ઘણી લઘુતા ગ્રંથિ હતી. પણ જેમ જેમ મુખપાઠ કરતો ગયો. તેમ તેમ લઘુતા ગ્રંથિ તૂટતી ગઈ, આત્મવિશ્વાસ મજબૂત થતો ગયો. આધ્યાત્મિક કે વ્યવહારના પ્રશ્નો આવે ત્યારે, વચનામૃતમાં શ્રીજીમહારાજે જે સમજણ આપી છે તે સમજણ નજર સમક્ષ આવી જાય છે અને ઉકેલ જડી જાય છે - તે મુખપાઠનો સૌથી મોટો ફાયદો અનુભવાય છે.'

ખંભાતના સાગર મૂકેશભાઈ દરજીએ વેકેશનની મોજમજા અને પ્રિય રમત ક્રિકેટનો ત્યાગ કરી ફક્ત અધિવેશનની તૈયારીમાં લક્ષ્ય રાખ્યું. પરંતુ આ તૈયારીઓ વચ્ચે ઘરમાં અને સંબંધીઓના કેટલાક આકસ્મિક પ્રસંગો પણ બન્યા. તેઓ પણ મેલેરિયાની બિમારીમાં સપડાયા. ખૂબ અશક્તિ આવી ગઈ. પરંતુ બિમાર અવસ્થામાં પણ સૂતાં સૂતાં મુખપાઠ કરતા રહ્યા. તેઓ કહે છે, 'બ્રેઈન હેમરેજ થવાથી મારા કાકાને આઈ.સી.યુ.માં દાખલ કરવા પડ્યા હતા. તેથી રોજ હૉસ્પિટલ જતો ત્યારે અઠવાડિયાંઓ સુધી ૩-૪ કિ.મી.નું એ અંતર ચાલતાં ચાલતાં રસ્તામાં પણ મુખપાઠ કરતો જતો.' આવી મુશ્કેલીભરી પરિસ્થિતિમાં સાગરે ૬૦ વચનામૃત સમાંતર મુખપાઠ કર્યો !

ઉમરાવ તાલુકાના લંગા ગામના વતની હાર્દિક નરેલાએ કાનની અસહ્ય વેદના વચ્ચે ૫૧ વચનામૃત સમાંતર મુખપાઠ કર્યો હતો.

ટી.વાય. બી. કોમ.માં અભ્યાસ કરતા યશરાજ યોગેશકુમાર રાણા રાષ્ટ્રીય અધિવેશનમાં સિલેક્ટ થયા તેવામાં જ તેમનાં બા અક્ષરધામ સિધાવ્યાં. આવી પરિસ્થિતિમાં તેમણે ૫૧ વચનામૃતનો સમાંતર પૂર્ણ મુખપાઠ કર્યો ! તેઓ કહે છે, 'પહેલાં હું નાની નાની બાબતમાં ઉગ્ર બની જતો. પરંતુ જેમ જેમ વચનામૃત અને બધું મુખપાઠ કરતો ગયો તેમ તેમ સમજાવવા લાગ્યું કે ગુસ્સાનું પરિણામ ભયાનક છે, હવે ગુસ્સે થતાં પહેલાં તેના પરિણામોનો વિચાર કરું છું. તેથી હવે ગુસ્સો શાંત થઈ ગયો છે.'

તાજેતરમાં જ સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલા સુરત છાત્રાલયના કિશન રમેશભાઈ પટેલે ૬૧ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો છે. તેઓ કહે છે, 'મને પહેલાં પરીક્ષા કે કોઈ કાર્ય કરવાનું હોય તો તેમાં નિષ્ફળતાની સતત બીક લાગતી. અધિવેશનની તૈયારી શરૂ કરી અને કોન્ફિડન્સ આવ્યો. હવે એમ લાગે છે કે હું સત્સંગમાં ન આવતો હોત અને અધિવેશનમાં ન રહ્યો હોત તો પુરુષાર્થ કરવાનું પ્લેટફૉર્મ ન મળ્યું હોત અને આવો આત્મવિશ્વાસ ન પ્રગટ્યો હોત. બી.એ.પી.એસ. સંસ્થાના આવા રચનાત્મક કાર્યોથી જે શક્તિ બહાર આવે છે, તેનો ખ્યાલ ન આવ્યો હોત !'

ભારતની સુવિખ્યાત આઈ. આઈ. ટી.-રુડકીમાંથી બી.ઈ. માસ્ટર્સનો અભ્યાસ કરનાર મયંક નરેન્દ્રભાઈ અજુગિયા કહે છે કે 'મેં આ પૂર્વે પાંચ-છ અધિવેશનોમાં બાળવયથી ભાગ લીધો છે. ૨૦૦૭માં પણ બોચાસણ માટે ભાગ લેવા માટે આવ્યો હતો. પરંતુ આ વખતે પરિસ્થિતિ કંઈક અલગ હતી.

હું નવ કલાક નોકરી કરીને ચાર કલાક લોકલ ટ્રેઇનમાં ટ્રાવેલિંગ કરતો તેથી ઘરે પહોંચતાં જ એવો થાકી જતો કે મુખપાઠ શક્ય નહોતો. આથી, મુંબઈની ભીડભાડ ભરી ટ્રેઇનમાં સમયનો ઉપયોગ કરીને વચનામૃત, કીર્તન, સાખીઓ, સ્વામીની વાતોનો મુખપાઠ કરી લેતો. આ અધિવેશનથી એકાગ્રતાથી કઈ રીતે વાંચવું અને સમયનું પ્લાનિંગ કઈ રીતે કરવું તે હું સહેજે શીખ્યો. મારો સંપૂર્ણ અભ્યાસ અંગ્રેજી મીડિયમમાં થયો હતો. તેથી મને ગુજરાતી વાંચવામાં પણ તકલીફ પડતી હતી, પરંતુ મમ્મીએ ઘણો જ સહકાર આપ્યો અને પ્રોત્સાહન આપ્યું હતું.'

મુંબઈના કાંદિવલી વિસ્તારમાં રહેતા પુનિત પટેલ જણાવે છે, 'ભણવામાં રસ નહોતો એટલે પાંચ વર્ષ પહેલાં ધોરણ-૧૨નો અભ્યાસ છોડીને બિઝનેસમાં જોડાઈ ગયો હતો. પરંતુ આ વર્ષે અધિવેશનની ઉદ્‌ઘોષ સભા થઈ ત્યારે મક્કમ નિર્ધાર સાથે ૧૧૦ વચનામૃતને સમાંતર મુખપાઠ કરવાનું નક્કી કર્યું. જોકે અભ્યાસ પ્રત્યેની અરુચિને કારણે મોઢે કરવામાં સમય લાગતો, પરંતુ વચનામૃત સમજાતાં ગયાં તેમ તેમ વધારે યાદ રહેવા લાગ્યાં અને ધીમે ધીમે મેં પીકઅપ પકડી. દરરોજ સવારે ચાર વાગ્યે ઊઠીને સાત વાગ્યા સુધી વાંચન કરું. ઓફિસ જાઉં ત્યાં પણ ટાઇમ મળે કે મુખપાઠ કરું. ઘરે પણ રાત્રે બાર વાગ્યા સુધી મુખપાઠ કરતો. આવી રીતે ૧૧૦ વચનામૃત, ૫૫૦ સ્વામીની વાતો, ૨૨૦ કીર્તનો અને ૫૫૦ સાખીઓનો મુખપાઠ કર્યો છે. હવે મને એવી એક આશા પ્રગટી છે કે હું ચોક્કસ આગળ ભણીશ અને જરૂર સફળતા પ્રાપ્ત કરી શકીશ.'

બી.એ.એમ.એસ.નો અભ્યાસ પૂર્ણ કરીને ઇન્ટર્નશીપ કરી રહેલા હાર્દિક ચાવડાએ ૫૧ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો છે. તેઓ કહે છે, 'જેમ જેમ વચનામૃતનો અભ્યાસ કર્યો તેમ તેમ મારા સ્વભાવો અને દોષો દેખાવા-ઓળખાવા લાગ્યા. તેને ટાળવા માટેના પ્રયાસ પણ આપોઆપ શરૂ થઈ ગયા. જીવનના પ્રશ્નોનું સમાધાન એની મેળે જ થવા લાગ્યું. બધા જ પ્રશ્નોનું સમાધાન વચનામૃતમાં આપેલું છે, તેથી તેના મુખપાઠથી મારા અંગત જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. મારી યાદશક્તિ અને એકાગ્રતા પણ ખૂબ વધી છે.'

ભાવનગરના ભાવિન જયરામભાઈ લખાણી કહે છે, 'હું અંતર્દૃષ્ટિ કરતાં શીખ્યો, અને મને નિત્ય નવી નવી પ્રેરણા મળતી જાય છે, એ આ અધિવેશનનો મારા માટે સૌથી મોટો લાભ છે.'

વાસદમાં ઇ.સી. એન્જિનિયરીંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતા અક્ષર પટેલે એક એક મિનિટનો સદુપયોગ કરીને ૪૫ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો છે અને અભ્યાસ તેમજ અધિવેશનનું સંતુલન જાળવ્યું છે. તેઓ કહે છે, 'એક્ઝામ પછી ચાર જ દિવસ બાકી હતા. એ દિવસોમાં સ્વામીશ્રીની એવી કૃપા થઈ ગઈ કે એક જ દિવસમાં પાંચ થી છ વચનામૃતનો મુખપાઠ થઈ ગયો. અશક્ય શક્ય બન્યું. બીજું, આ અધિવેશનને લીધે મારો આંતરિક વિકાસ થયો છે. હવે એમ થાય કે સ્વામીશ્રી બધું જ જુએ છે, બાપા બધું જ જાણે છે, આપણાથી એમને ન ગમે તેવું ન જ થાય. આવા વિચારથી મારામાં સતત પરિવર્તન આવવા લાગ્યું છે. બી.એ.પી.એસ. ન હોત તો અત્યારે હું જે છું એ ન હોત.'

એમ.એસ. યુનિવર્સિટી(વડોદરા)માંથી આર્કિટેક્ચરનો અભ્યાસ પૂર્ણ કરી અમદાવાદમાં નોકરી કરતા પ્રગાધ ગોકાણીએ ૨૬ વચનામૃતને સમાંતર પૂર્ણ મુખપાઠ કર્યો હતો. વળી, નિરૂપણ, કીર્તનગાન, નિબંધ અને સત્સંગજ્ઞાન પ્રશ્નોત્તરીની સ્પર્ધાઓમાં પણ ભાગ લીધો હતો. તેઓ કહે છે, 'આ અધિવેશન મારા માટે જીવનઘડતરની આ શ્રેષ્ઠ તક બની ગઈ.'

સુરતના યુવકોએ તો મુખપાઠ અને અન્ય સ્પર્ધાઓમાં ભાગ લેવાની સાથે સાથે સુશોભનની વિશિષ્ટ સેવામાંય ખૂબ સમય આપ્યો. એમ.બી.એ.નું બીજું સેમિસ્ટર પૂરું કરી અધિવશેનમાં જોડાયેલા સુરતના ભરત ગાબાણી કહે છે, 'સવારે ૬-૩૦ થી ૮-૩૦ વાગ્યા સુધી સ્કીટની પ્રેક્ટિસ, ત્યારબાદ મુખપાઠ, સાંજે કીર્તનની પ્રેક્ટિસ, અને વચ્ચે જે સમય મળે તેમાં નિંબધ અને પ્રવચનની તૈયારી કરતો. આ અધિવેશનની તૈયારી દરમ્યાન નવા નવા ક્રીએટીવ વિચારો આવ્યા કરતા. મેં નક્કી કરેલું કે પાંચે પાંચ સ્પર્ધામાં નંબર લાવવો છે. નિશ્ચય હતો કે મહેનત અને ભગવાનને પ્રાર્થના કરશું એટલે ભગવાન જરૂર મદદ કરશે. સ્વામીશ્રીની કૃપાથી અહીં જ મારું જીવનઘડતર થયું છે. જીવનમાં અત્યારે હું જે કંઈ સ્ટેજ ઉપર છું એ બી.એ.પી.એસ.ને કારણે.'

૧૨ સાયન્સમાં ૮૫% સાથે ઉત્તીર્ણ થનાર જયકીશન ચાંદપરાએ એ.આઈ.ઈ.ઈ.ઈ.ની પરીક્ષા આપ્યા બાદ અઢાર દિવસમાં પૂર્ણ મુખપાઠની તૈયારી કરી હતી. તે કહે છે, 'હું ક્યારેક વચનામૃત વાંચતો પણ સ્વામીની વાતોનું પુસ્તક તો ક્યારેય ખોલ્યું પણ નહોતું. ભક્તચિંતામણિ અને હરિલીલામૃત મેં મારી જિંદગીમાં પહેલી વાર જોયાં. એમાંથી શોધી શોધીને મેં પંક્તિઓ કંઠસ્થ કરી. પહેલી વખત આ બધા ગ્રંથો વાંચવાનો અને તેના વિશે જાણવાનો ઘણો બધો અંતરમાં આનંદ થયો. હવે એવો નિશ્ચય કર્યો છે કે કોલેજમાં નવરાશનો સમય મળે તો સૌથી પહેલાં આપણા ગુરુવર્યોનાં જીવનચરિત્રો અને ભક્તચિંતામણિ, હરિલીલામૃત અને શ્રીજીમહારાજનું જીવનચરિત્ર - આ બધા ગ્રંથો વાંચવાં છે.'

અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારના શિવમ્ ચૌહાણને અધિવેશન દરમ્યાન ચાર દિવસ પહેલાં જ એન્જિનિયરીંગની પરીક્ષા પૂર્ણ થઈ હતી, પણ એનો સંકલ્પ ખૂબ પ્રબળ હતો એટલે પૂર્ણ મુખપાઠમાં ૬૦ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો ! તો અક્ષર મોદી નામના ઈસનપુર વિસ્તારના યુવકને ચીકનપોક્સ, શરીરમાં ગૂમડાં તથા મોઢામાં ચાંદાં પડ્યાં હોવાં છતાં શાહીબાગ મંદિરે જ રહીને ૪૨ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો. જીવરાજ પાર્ક વિસ્તારના અંકિત યાદવે વિપરિત આર્થિક પરિસ્થિતિ અને સંજોગોમાં ૩૬ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો. શાયોના સિટી વિસ્તારના મૌલિક મલ્લીને આર્થિક પરિસ્થિતિ મંદ હોવાથી નોકરીમાં જોડાવું પડ્યું હતું, પણ અધિવેશનમાં ભાગ લેવા માટે નોકરી છોડી શાહીબાગ મંદિરમાં મુખપાઠ કરવામાં લાગી ગયો અને ૩૦ વચનામૃતને સમાંતર મુખપાઠ કર્યો. સેટેલાઇટ વિસ્તારના હિરેન માવાણીએ સી.એ.ની ચાલુ પરીક્ષાએ ચાર સ્પર્ધામાં ભાગ લીધો. પરીક્ષા અને નોકરી વચ્ચે સમય બચાવીને તેણે અધિવેશનમાં ખૂબ પુરુષાર્થ કર્યો.

અધિવેશનની તૈયારીઓમાં યુવકોને સૌથી મોટો સાથ હતો - સંતોનો. સંતોએ યુવકોને મદદરૂપ જરૂરી તમામ વ્યવસ્થાઓ તો પૂરી પાડી, પરંતુ માર્ગદર્શન આપવા ખૂબ સમય પણ ફાળવ્યો અને ખંતપૂર્વક તેમની નાની-મોટી મુશ્કેલીઓમાં હૂંફ આપી. સંતોનાં આયોજનોથી મુંબઈ, અમદાવાદ, સુરત વગેરે મહાનગરોથી લઈને નાનાં નાનાં નગરોમાંય મંદિરમાં જાણે દોઢ-બે મહિનાનો એક યુવાકેમ્પ લાગી ગયો હતો ! યુવાનો પૂર્ણ સમય માટે મંદિરમાં જ રહેવા આવી ગયા હતા અને અહીં જ રોજના ૧૪ થી ૧૬ કલાક મુખપાઠ તથા અન્ય તૈયારીઓમાં વીતાવતા હતા. અમદાવાદના બાપુનગર,

સોલા રોડ, સેટેલાઈટ, જીવરાજ પાર્ક વગેરે વિસ્તારોમાં રાત્રે રાત્રે યુવાનો અઠવાડિયાંઓ સુધી અધિવેશનની તાલીમમાં જોડાતા રહ્યા. અધિવેશનની તૈયારી કરતા યુવાનોને માતાપિતાનો ખૂબ સાથ રહ્યો. માતાપિતાએ સંતાનોને બળ આપ્યું અને માર્ગદર્શન આપ્યું, તો બીજી તરફ એ યુવાનોને કંઠસ્થ થયેલી બાબતોનો પાઠ લેવો એ પણ ધીરજનું કામ હતું. એમાંય માબાપ કે પરિવારના સદસ્યો અને સૌથી વિશેષ તો સ્વયંસેવકો અને સંતોએ ખૂબ સમય આપ્યો.

સૌની ભક્તિભરી અપાર મહેનતના પરિણામરૂપે જ્યારે આ યુવાનોને અધિવેશનના છેલ્લા દિવસે ઈનામો અપાઈ રહ્યાં હતાં ત્યારે સૌને લાગતું હતું કે એમને ઈનામ કરતાંય વધુ મોટું ભાથું મળ્યું છે જીવન-ઘડતરનું, પ્રમુખસ્વામી મહારાજના અપાર રાજીપાનું.

દર ચાર વર્ષે યોજાતા ઓલિમ્પિક રમતોત્સવ જેટલી ઝાકમઝોળ આ આધ્યાત્મિક ઓલિમ્પિયાડમાં નહોતી, પરંતુ દરેકના દિલ પર તેનો આધ્યાત્મિક પ્રભાવ ઓલિમ્પિક રમતોત્સવ કરતાં કંઈક વધુ તેજસ્વી અને ઓજસ્વી હતો. ઓલિમ્પિક રમતોત્સવના ધ્વજ પર ત્રણ લેટિન શબ્દો લખાય છે : સાઈટિયસ (Citius), અલ્ટિયસ (Altius), ફોરટિઅસ (Fortius). જેનો અર્થ છે : વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી.

આ આધ્યાત્મિક ઓલિમ્પિયાડે પ્રત્યેક યુવાનને અનુભવ કરાવ્યો : અહીં અમારી આંતરિક અને ભૌતિક તરક્કી થઈ છે - વધુ ઝડપે, વધુ ઊંચે અને વધુ તાકાતથી - પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય કૃપા દૃષ્ટિથી !

<u>બોક્ષ મેટર :</u>

## આંકડાકીય અવલોકન અધિવેશનના વિવિધ પાસાંઓનું

### આંતરક્ષેત્રીય યુવા અધિવેશન : ૨૦૧૨

| સ્પર્ધા | યુવકો | યુવતીઓ | નિર્ણાયકો | ઇનામો |
|---|---|---|---|---|
| પૂર્ણ મુખપાઠ | ૯૨૭૬ | ૯૦૩૬ | ૧૧૧૪ | ૧૫૧૭ |
| જ્ઞાન પ્રશ્નોત્તરી | ૯૨૭૬ | ૯૦૩૬ | ૦૮૨૪ | ૧૫૨૩ |
| પ્રવચન | ૨૬૬૯ | ૧૯૯૫ | ૦૪૭૯ | ૦૪૫૩ |
| નિરૂપણ | ૧૩૨૯ | ૦૮૪૭ | ૦૩૦૦ | ૦૨૬૪ |
| નિબંધ | ૧૭૭૦ | ૧૪૫૦ | ૦૩૪૮ | ૦૨૮૮ |
| કીર્તનગાન વૃંદ | ૦૧૪૪ | ૦૧૪૦ | ૦૧૫૦ | ૦૧૫૦ |
| સ્કીટ વૃંદ | ૦૦૬૮ | ૦૦૮૩ | ૦૦૬૫ | ૦૦૬૧ |
| **કુલ એન્ટ્રી** | ૨૪૩૨૦ | ૨૨૩૬૪ | ૩૨૮૦ | ૪૨૫૬ |
| | વૃંદ ૨૧૨ | વૃંદ ૨૨૩ | | |

### અખિલ ભારતીય યુવા અધિવેશન : ૨૦૧૨

| સ્પર્ધા | યુવકો | યુવતીઓ | નિર્ણાયકો | ઇનામો |
|---|---|---|---|---|
| પૂર્ણ મુખપાઠ | ૬૯૪ | ૬૭૬ | ૧૧૪ | ૫૩૨ |
| જ્ઞાન પ્રશ્નોત્તરી | ૭૨૧ | ૭૦૩ | ૦૩૮ | ૧૮૯ |
| પ્રવચન | ૨૮૯ | ૨૧૬ | ૦૧૪ | ૦૭૦ |
| નિરૂપણ | ૧૩૫ | ૦૮૬ | ૦૦૯ | ૦૨૯ |
| નિબંધ | ૨૧૦ | ૧૭૨ | ૦૧૨ | ૦૫૧ |
| કીર્તનગાન વૃંદ | ૦૩૫ | ૦૩૪ | ૦૦૬ | ૦૨૪ |
| સ્કીટ વૃંદ | ૦૧૮ | ૦૨૨ | ૦૦૫ | ૦૧૬ |
| **કુલ એન્ટ્રી** | ૨૦૪૯ | ૧૮૫૩ | ૧૯૮ | ૮૧૧ |
| | વૃંદ ૫૩ | વૃંદ ૫૬ | | |

(અહેવાલ : સાધુ અક્ષરવત્સલદાસ. યુવા-ઈન્ટરવ્યૂ માહિતી સ્રોત : આનંદ આચાર્ય, અશ્વિન ગોહિલ, અમૂલખ પંચાલ, કુંજન મહેતા, રવિ પટેલ, નીતિન પટેલ.)◆

# ૨.

*સ્વામિનારાયણ વેદાંત લેખમાળા અંતર્ગત : શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ચિંતન-૧૫*

## સ્થિતપ્રજ્ઞની ઓળખ શી ? (અધ્યાય - ૨)

■ સાધુ ભદ્રેશદાસ (ષડ્‌દર્શનાચાર્ય, પીએચ.ડી., ડી.લીટ)

અનુસંધાન - 'श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला। समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि॥'
'જાત-જાતના શબ્દો સાંભળવાને લીધે વિચલિત થયેલી તારી બુદ્ધિ જ્યારે નિશ્ચલ થશે, સમાધિમાં સ્થિર થશે, ત્યારે તું યોગને પામીશ.' (ગીતા ૨/૫૩) એમ શ્રીકૃષ્ણ ભગવાને પાર્થને કહ્યું હતું. ત્યાર પછી પાર્થે જે પૂછ્યું તે હવે જાણીએ.

### ■ 'स्थितप्रज्ञस्य का भाषा' - સ્થિતપ્રજ્ઞની ઓળખ શી ?

અર્જુને પૂછ્યું -

'स्थितप्रज्ञस्य का भाषा समाधिस्थस्य केशव ।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ॥'

'હે કેશવ ! સમાધિમાં સ્થિત સ્થિર બુદ્ધિવાળા મનુષ્યનું લક્ષણ શું છે, તે સ્થિર બુદ્ધિવાળો કઈ રીતે બોલે કઈ રીતે બેસે અને કઈ રીતે ચાલે.' (ગીતા ૨/૫૪)

'स्थितप्रज्ञस्य का भाषा !' પાર્થની આ આરજૂ છે, આર્તનાદ છે, પ્રાર્થના છે. પૂછવા ખાતર પુછાયેલો પ્રશ્ન નથી. ઘણાને પ્રશ્નો પૂછવાની આદત હોય છે. અર્જુનને એવી આદત નથી. ઘણાને નવું નવું જાણવાનો અને માહિતીના ભંડારો ભરવાનો શોખ હોય છે તેથી પ્રશ્નો પૂછી પૂછીને પોતાના જ્ઞાનભંડારને સમૃદ્ધ બનાવતા હોય છે. અર્જુનમાં એવું પણ નથી. તે કેવળ જિજ્ઞાસુ નથી, મુમુક્ષુ છે. રોગમુક્તિને ઝંખતો દર્દી નિરામયતા માટે તલસે તેમ અર્જુનનો અહીં તલસાટ દેખાય છે. બૌદ્ધિક અસ્થિરતાનો ત્રાસ તે અત્યારે અનુભવી રહ્યો છે. તેને ત્રાસમુક્ત થવાની તીવ્ર ઝંખના છે. વળી, આ પૂર્વેના શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને પરમાત્માના સ્વરૂપમાં બુદ્ધિને નિશ્ચળ કરવાનો ઉપદેશ આપ્યો હતો. યોગી થવા કહ્યું હતું. પરમાત્મસ્વરૂપમાં સમાધિ સાધવાની વાત કરી હતી. અર્જુન તેવો યોગી થવા ઈચ્છે છે. સમાધિનિષ્ઠ થવા ઈચ્છે છે તેથી સહેજે જ ઉપરોક્ત ઉદ્‌ગારો તેના મુખમાંથી પ્રશ્ન રૂપે સરી પડે છે.

'स्थिता प्रज्ञा यस्य सः इति स्थितप्रज्ञः' એમ વ્યાકરણશાસ્ત્ર પ્રમાણે આ શબ્દની વ્યુત્પત્તિ થાય છે. 'સ્થિર છે બુદ્ધિ જેની' એ એનો અર્થ થાય છે. 'समाधौ तिष्ठति इति समाधिस्थः' એમ 'समाधिस्थः' શબ્દની વ્યુત્પત્તિ છે. 'સમાધિમાં સ્થિત રહેનાર' એમ તેનો અર્થ થાય છે. 'धीः' એટલે બુદ્ધિ. 'स्थिता धीः यस्य सः इति स्थितधीः' એમ 'स्थितधीः' શબ્દની વ્યુત્પત્તિ છે. સ્થિતપ્રજ્ઞ શબ્દનો આ પર્યાય છે.

### ■ 'स्थितधीः किं प्रभाषेत' - સ્થિતપ્રજ્ઞ કેવું બોલે ?

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણની સાથે સાથે તેના બોલવા, બેસવા કે ચાલવા અંગેનો પ્રશ્ન પૂછીને અર્જુને જીવનશિક્ષાની એક સચોટ પદ્ધતિને અપનાવી છે. તેણે જીવંત ચરિત્રો દ્વારા આ વાતને સમજવા ઈચ્છા કરી. કોઈ પણ ગુણ આત્મસાત્ કરવા તેનો આદર્શ નજર સામે જીવંત હોવો જોઈએ. વિદ્યાને આત્મસાત્ કરવા ઈચ્છતો વિદ્યાર્થી તે વિદ્યાને આત્મસાત્ કરી હોય તેવી વ્યક્તિને પોતાની નજર સમક્ષ રાખે છે. રમત-ગમતમાં પ્રગતિ કરવા ઈચ્છતો યુવાન કોઈ જીવંત રમતવીરને વારંવાર નિહાળ્યા કરે છે. તેની પ્રત્યેક ક્રિયાનું ઝીણવટથી અવલોકન કર્યા કરે છે. તેના મનનમાં તન્મય બની જાય છે. પરિણામે પોતે પણ સફળતાનાં શિખરો સર કરી શકે છે. પાર્થના મનમાં એવી જ અપેક્ષા છે. મહાપુરુષોની બોલવા, બેસવા કે ચાલવા જેવી સામાન્ય ક્રિયાઓમાં પણ બૌદ્ધિક સ્થિરતાનાં દર્શન કરવાની કળા તે જાણવા માગે છે.

સ્થિતપ્રજ્ઞતાને સમજવા બોલવા, બેસવા કે ચાલવા જેવી શારીરિક ક્રિયાઓ વિષેના પાર્થના પ્રશ્નમાં બીજી પણ એક વિશેષતા દેખાય છે. પાર્થ શારીરિક ભાષાનું મહત્ત્વ સમજે છે. શારીરિક ભાષા એટલે ક્રિયાઓની ભાષા. આચરણની ભાષા. બોલવા, બેસવા, ને ચાલવા જેવી બાહ્ય ક્રિયાઓ દ્વારા અભિવ્યક્ત થતું માનવીનું આચરણ તેના આંતરિક વ્યક્તિત્વની સાચી ભાષા છે. માણસ બોલે તે પરથી તેના વિચારોની ખબર પડે છે. કેટલાકની વાણી સાંભળતાં વેંત જ તેમની વૈચારિક સ્થિરતા અનુભવાય છે. અસ્થિર મગજના માણસો શું બોલતા હોય છે તેની ઘણી વાર તેઓને પોતાનેય ખબર નથી હોતી. આવું બેસવા-ચાલવા જેવી દરેક ક્રિયામાં સમજી શકાય છે. પાર્થ બાહ્ય આચરણોમાં પડઘાતી આંતરિક સ્થિરતાને જાણવા ઈચ્છે છે.

આમ પાર્થની આ પ્રાર્થના યોગના તત્ત્વને જીવન સાથે એકરસ કરે છે. તત્ત્વજ્ઞાન કેવળ શુષ્ક ચર્ચાઓનો વિષય નથી. તે કેવળ કોરા વિચારોનું મંથન જ નથી. કેવળ બૌદ્ધિક આનંદ મેળવવા માટેની કસરત જ નથી. કે પછી કેવળ કાલ્પનિક ઊંચા ધ્યેયોને બાંધી આપનારી વિચારધારા માત્ર નથી. તત્ત્વજ્ઞાન તો વાસ્તવિક મંજિલ સુધી પહોંચાડનાર રાજમાર્ગ છે. વસ્તુઓના અસ્તિત્વનો વાસ્તવિક અનુભવ છે. જીવનશૈલીનો મહત્ત્વનો ભાગ છે. જે જીવન સાથે એકરસ ન થઈ શકે તેને તત્ત્વજ્ઞાન ન કહેવાય. અર્જુનની પ્રશ્નપ્રાર્થના આ બાબત સ્પષ્ટ કરી આપે છે.

### ■ 'प्रजहाति यदा कामान्' - કામનાનો ત્યાગી

શ્રીકૃષ્ણ ભગવાને ઉત્તર આપતાં કહ્યું -

'प्रजहाति यदा कामान् सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥'

'હે પાર્થ ! મનુષ્ય જ્યારે મનમાં રહેલી સઘળી કામનાઓને ત્યજી દે અને પોતાના આત્મામાં રહેલા પરમાત્મા વડે જ સંતુષ્ટ રહે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.' (ગીતા - ૨/૫૫)

'प्रजहाति' એટલે ત્યાગ કરવો. ત્યાગથી આરંભ થયો. ત્યાગ સ્થિતપ્રજ્ઞતાનું પ્રથમ સોપાન છે. કરતા હોય તેમ કરતા રહીએ ને સ્થિતપ્રજ્ઞ થવાની ઇચ્છા રાખીએ એ ક્યારેય બનવાનું નથી. ત્યાગને અપનાવ્યા વગર છૂટકો નથી. આથી પ્રથમ લક્ષણમાં જ ત્યાગને મૂક્યો.

'कामान्' એટલે કામના. કામના એટલે ઇચ્છા. વાસનાયુક્ત સંકલ્પો. તેના ત્યાગની અહીં વાત છે. કામનાઓનું વિસર્જન! જ્યાં સુધી કામનાઓ રહેશે ત્યાં સુધી જીવનમાં સ્થિરતાની અનુભૂતિ નહીં થાય. આ કામનાનો પ્રભાવ જેવો તેવો નથી. માનવી તો ઠીક, પણ આ કામનાઓનું સામ્રાજ્ય તો પશુ-પક્ષીઓ સુધી વિસ્તરેલું જોવા મળે છે. ક્યારેક પશુ-પક્ષીઓની જીવનક્રિયાઓ શાંતિથી નિહાળી વિચાર કરવા જેવો છે. આકાશમાં ઊડતાં પક્ષીઓ ગમતાં સ્થળે જવા કેટલાં તત્પર હોય છે ! સ્વાદિષ્ટ વસ્તુ ખાવા કેવાં પાછા દોડી આવે છે ! ન ભાવે તો કેવી અનાસક્તિ બતાવે છે ! સારંગપુરમાં એક મોર છે. પહેલાં બધું ખાતો હતો. હવે જેવું તેવું ખાતો નથી. સિલેક્શન કરે છે. કામનાની આ કમાલ છે.

એક વાર એક સાપમાં પણ આ નજરે જોવા મળેલું. ચોમાસાની બપોર હતી. એક સાપે દેડકો પકડ્યો. ગળી જાય તે પહેલાં એક સંત તે જોઈ ગયા. તેમણે તાળી પાડી મોટેથી અવાજ કર્યો. સાપે દેડકાને મૂકી દીધો અને ત્યાંથી જતો રહ્યો. સંતો ન ગયા. હવે શું થશે તેવા કુતૂહલથી સંતાઈ રહ્યા. થોડો સમય વીત્યો હશે ત્યાં એક આશ્ચર્ય જોયું. જે જગ્યાએ દેડકાને સાપે છોડ્યો હતો તે સ્થળે તે પાછો આવ્યો, દેડકાને શોધવા લાગ્યો. કામનાનું આ સામ્રાજ્ય છે.

હવે આપણી વાત કરીએ. નવજાત શિશુથી માંડીને વૃદ્ધા-વસ્થાએ પહોંચેલા પ્રત્યેક માનવી કામનારૂપી શૃંખલાથી જકડાયેલો જોવા મળશે. આપણે નાના હતા ત્યારે ઇચ્છાઓ કરતા હતા. નાનપણ ગયું પણ ઇચ્છાઓ ન ગઈ. આ જોયું ને હવે આ જોવું છે, આ ખાધું ને હવે આ ખાવું છે, આ લીધું ને હવે આ લેવું છે, અહીં જવું છે, આને મળવું છે... આમને આમ મનમાં ઇચ્છાઓના તરંગો ચાલ્યા જ કરે છે. જંપીને બેસાતું જ નથી. ઇચ્છાઓ જંપવા દેતી નથી. અજંપો વધતો જ જાય છે. વળી, એક નિર્ણય ઉપર આવી શકાતું નથી. નવી ને નવી ઇચ્છાઓ જન્મ્યા જ કરે છે. આવું ને આવું ચાલ્યા કરે એટલે બૌદ્ધિક અસ્થિરતા અડ્ડો જમાવે. પરિણામે અશાંતિ, અપૂર્ણતા અને ખાલીપાના ભોગ બનીએ છીએ.

આથી જ ગીતા આપણને લૌકિક કામના પર વિજય પ્રાપ્ત કરવા પ્રેરે છે.

અહીં બીજી એક વાત પણ વિચારવા જેવી છે. શ્રીકૃષ્ણ અહીં કેવળ 'कामान्' એમ નહીં કહેતા 'सर्वान् कामान्' એવો શબ્દપ્રયોગ કરે છે. 'सर्वान् कामान्' એટલે બધી જ કામનાઓ. લૌકિક બધી જ કામનાઓનો ત્યાગ કરે ત્યારે સ્થિતપ્રજ્ઞતા મળે. દુનિયાની કોઈ એકાદ-બે વસ્તુઓની કામના છોડવી સહેલી છે. જેને જે ન ભાવતું હોય, ન ફાવતું હોય તેને તેની કામના ત્યજવામાં કોઈ પરિશ્રમ પડતો નથી. પરંતુ બે-પાંચ કામનાઓ ન હોય એટલે તેને સંપૂર્ણ નિષ્કામી ન કહેવાય. તે માટે તો લૌકિક સર્વ વાસનાઓને ટાળવી પડે. આમ કામના-ત્યાગને સ્થિતપ્રજ્ઞતાનું પ્રથમ લક્ષણ કહ્યું. હવે બીજું લક્ષણ દર્શાવે છે.

## ■ 'आत्मन्येवात्मना तुष्टः' - પરમાત્માથી જ સંતુષ્ટ

'आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते' 'આત્મામાં રહેલા પરમાત્મા વડે જ જ્યારે સંતુષ્ટ રહેતો હોય ત્યારે તે મનુષ્ય સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.'

સંતોષ ! સંતોષી નર સદા સુખી એમ લોકમાં કહેવત છે. કેમ સુખી ? કામના ન હોય એટલે. અપૂર્ણતા કે અસંતોષ જ કામનાનું ઉદ્‌ગમ છે. અસંતુષ્ટને કામના જાગે. અસંતોષીઓ જ રઘવાયા થઈને આમ-તેમ દોડ્યા કરે છે. અસંતોષ તેમને ઠરીને ઠામ થવા દેતો નથી. પૂર્ણ સંતોષ કામનાઓનું પૂર્ણવિરામ છે.

એ ખરું કે પૂર્ણ સંતોષની સૌ કોઈને ઝંખના છે. પરંતુ માનવી તે સંતોષ પામવા પૂર્ણને પ્રાપ્ત નહીં કરીને અલ્પ વસ્તુઓની કામના રાખે છે. અલ્પને આશરે જાય છે. પરંતુ પરિમિત વસ્તુઓ અપરિમિત સંતોષ ન આપી શકે. વળી, પરિમિત સંતોષના લાભ પણ પરિમિત હોય તેથી પરિપૂર્ણતાનો અહેસાસ થાય નહીં. સર્વોપરી વસ્તુનો લાભ થાય તો જ પરમ સંતોષ મળે. પરમાત્મા સંપૂર્ણ છે. સર્વોપરી છે. તેને પ્રાપ્ત કરી લે, તેનો અચળ નિશ્ચય થઈ જાય એટલે પરમ સંતોષના ઓઘ વળે. પૂર્ણકામપણું મનાય. બુદ્ધિમાં લૌકિક કામનાનાદ્ધ કંપનો ન રહે. અંતઃકરણ નિર્મળ, સ્થિર અને પ્રશાંત સરોવર જેવું બની જાય. આ જ સ્થિતપ્રજ્ઞતા છે એમ ગીતાનું કહેવું છે.

સત્પુરુષોનાં જીવન આવી સ્થિતપ્રજ્ઞતાનાં પ્રતિબિંબ જેવાં હોય છે. ગુરુહરિ શ્રીપ્રમુખસ્વામી મહારાજના દૈનિક અહેવાલમાં એક પ્રસંગ નોંધાયો છે. તા. ૪ જુલાઈ ૨૦૦૪ના દિવસે પરમ પૂજ્ય સ્વામીશ્રી અમેરિકા દેશમાં આવેલ ઓર્લાન્ડો શહેરમાં વિરાજમાન હતા. વૃદ્ધાવસ્થા, શારીરિક તકલીફો અને વિચરણનો ભીડો વગેરે જોઈને રાજનભાઈ નામના એક ભક્તે પોતાની મનોભાવના રજૂ કરતાં તેઓશ્રીને કહ્યું, 'બાપા ! આપે આ ઉંમરે પણ ખૂબ ભીડા વેઠ્યા છે. હવે અમારે મન તો એક જ ઇચ્છા છે કે આપ આનંદમાં જ રહો.' પરમ પૂજ્ય સ્વામીશ્રી તેમની વાત સાંભળતાં જ બોલી ઊઠ્યા - 'ભલા માણસ, અમે અક્ષરધામમાં જ છીએ. મહારાજ મળ્યા (પરબ્રહ્મ શ્રીસ્વામિનારાયણ ભગવાન મળ્યા), ગુરુ મળ્યા એ કેફ હોય તો આનંદ આનંદ જ રહે.' કાયા ક્ષીણ હતી, તથાપિ પૂર્ણ પ્રાપ્તિના પરમ સંતોષથી છલકાતી સ્થિતપ્રજ્ઞતાની ભર જુવાનીનો વૈભવ તેમના શબ્દોમાં અનુભવી શકાતો હતો.

એક વાર કોઈએ પોતાની અભિલાષા અભિવ્યક્ત કરતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીને કહ્યું હતું - 'આપનાં સર્વહિતનાં વૈશ્વિક કાર્યો જોતાં એવું લાગે છે કે આપને નોબેલ પ્રાઇઝ મળવું જોઈએ.' આ વાતનો પ્રત્યુત્તર વાળતાં તેમણે કહ્યું - 'મને તો નોબેલ પ્રાઇઝનાં પ્રાઇઝનાં પ્રાઇઝ મળી ગયા છે. ભગવાન શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બે મળ્યા છે. આપણે શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના આશીર્વાદ મળી ગયા. આવી સેવા મળી ગઈ. આવા ભગવાન, આવા સંતો, આવા હરિભક્તો મળી ગયા એથી મોટો શું લાભ છે આ દુનિયામાં ?'

લૌકિક મોટપની કામનાઓની રાખ કરી બેઠેલા પરમાત્મ-સંતુષ્ટનો આ તેજસ્વી મિજાજ છે. આવી રીતે વર્તનારની  પ્રજ્ઞાને ક્યારેય પણ, કોઈ પણ વિચલિત ન જ કરી શકે.

આથી શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, 'હે પાર્થ ! આ રીતે જ્યારે તું પણ સર્વ લૌકિક કામનાઓને ત્યજી દઈશ અને પરમાત્મા વડે જ સંતોષ પામીશ ત્યારે તું પણ સ્થિતપ્રજ્ઞ કહેવાઈશ.' અસ્તુ. ◆

## 3.

### અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણના દિવ્ય સ્પર્શથી પાવન સ્વામિનારાયણ મંદિર

સ્વામિનારાયણ સંપ્રદાય એટલે મંદિરોની એક વિશ્વવ્યાપી શૃંખલા અને તેની ચોમેર ગુંજતું ઉપાસના-ભક્તિ-સત્સંગ-સેવાનું અદ્વિતીય મેઘમંડળ ! આજે જગતભરમાં વિસ્તરેલાં સ્વામિનારાયણ મંદિરોની શૃંખલાની પ્રથમ શિલા રોપાઈ હતી - અમદાવાદમાં. સર્વોપરિ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સતત દસ વર્ષનો વિયોગ સહન કર્યા બાદ, અમદાવાદનું પરમ સૌભાગ્ય ઊઘડ્યું હોય તેમ, સન ૧૮૧૮માં ભગવાન સ્વામિનારાયણે અહીં સર્વ પ્રથમ શિખરબદ્ધ મંદિર કરવાનો નિર્ણય કર્યો અને તેમાં નિમિત્ત બન્યા - અંગ્રેજ સલ્તનતના અધિકારીઓ.

સન ૧૮૧૮માં અંગ્રેજ કલેક્ટર એન્ડ્રુઝ ડનલોપે અને એરણ સાહેબના સહયોગથી આ ભૂમિ પ્રાપ્ત થઈ અને માત્ર ચાર વર્ષમાં અહીં ત્રણ શિખરનું સુંદર મંદિર રચાઈ ગયું. આ મંદિરની નીચા પરથારની અને ખુલ્લા ઘુમ્મટની સંરચનાથી લઈને મંદિરનાં વિવિધ અંગો રચવામાં ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલું માર્ગદર્શન મહત્ત્વપૂર્ણ હતું. શ્રીહરિની એ ઇચ્છા અનુસાર, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી તેમજ અંબારામ અને કુબેર નામના સ્થપતિઓએ શિલ્પ-શાસ્ત્ર મુજબ આ સુંદર મંદિર નિર્માણમાં યોગદાન આપ્યું હતું.

સન ૧૮૨૨માં ફાગણ સુદ ત્રીજના પવિત્ર દિને ભગવાન સ્વામિનારાયણે અહીં મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરી.

આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે અમદાવાદની રાજબજારમાં અપૂર્વ ભવ્ય શોભાયાત્રા, ૧૦૮ વિપ્રો દ્વારા મહાયજ્ઞ, બ્રાહ્મણોની અપૂર્વ ચોરાશી અને સરકાર દ્વારા તોપોના ભવ્ય સન્માન વચ્ચે તા. ૨૪-૨-૧૮૨૨ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી નર-નારાયણદેવની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી. આ મૂર્તિઓ સ્થાપીને તેમણે, ખોરડા પર બીજના ચંદ્રના ન્યાયે, આદર્શ ભક્ત બનીને એટલે કે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસનાનો શાશ્વત સિદ્ધાંત શીખવ્યો હતો. નરનારાયણ-દેવના ઊંબરા ઉપર ઊભા રહીને ભગવાન શ્રી સ્વામિનારાયણે અહીં જ પોતાના સર્વોપરિ સ્વરૂપનો સૌને મહિમા સમજાવ્યો હતો.

કાલુપુરનું એ મંદિર ભગવાન સ્વામિનારાયણની દિવ્ય સંનિધિથી રજેરજ પાવન બન્યું છે. અહીં તેનાં અનેક સ્મૃતિ-ચિહ્નો આજેય જળવાયાં છે.

વળી, આ જ મંદિરના ચોકમાં, જ્યાં હાલ કાષ્ઠહવેલી રચાઈ છે ત્યાં, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણના સર્વોપરિ મહિમાનો ઉદ્‌ઘોષ કર્યો હતો. અને આ જ મંદિરના દરવાજા પાસે બેસીને બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાનો ઉદ્‌ઘોષ કર્યો હતો.

ટૂંકમાં, અક્ષર અને પુરુષોત્તમના ઉદ્‌ઘોષનું સાક્ષી આ મંદિર, આજેય એ મહિમાની દિવ્ય સ્મૃતિ કરાવે છે. ચાલો માણીએ એ મંદિરનાં દિવ્ય સ્મૃતિચિહ્નો...

### - મૂર્તિઓ, સિંહાસન, ઉંબરો અને ગરુડજી

શ્રી નરનારાયણદેવ મંદિરના ત્રણેય ખંડમાં સિંહાસનો ઉપર દેવોની પ્રતિષ્ઠા કર્યા પહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતો તથા હરિભક્તોને બોલાવીને કહ્યું હતું, ‘હું આ સિંહાસનોમાં બેસું અને તમે બરાબર જોઇ જુઓ કે ઊંચાઇ-પહોળાઇ વગેરેમાં કાંઇ ફેરફાર કરવા જેવો છે કે નહીં ?’ આમ શ્રીહરિએ ત્રણેય સિંહાસનોમાં બેસીને સિંહાસનો પ્રસાદીનાં કર્યાં છે. હાલમાં તે સિંહાસનોના ઉપરના ભાગે પરિવર્તન આવ્યું છે,
પરંતુ તેની બેઠક(ઓટલા)ના ભાગો પ્રસાદીના જેમના તેમજ રખાયા છે, તે દર્શનીય છે. ત્રણેય સિંહાસનોની બેઠકમાં ત્રણેય ગરુડજીઓની મૂર્તિઓ પ્રસાદીની છે.

ગર્ભગૃહના મધ્યખંડનો ઉંબરો પણ ઐતિહાસિક છે. શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠાવિધિ બાદ સત્સંગીઓ દાગીનાઓ તથા વસ્ત્રો દેવને ભેટ આપતા હતા તેને શ્રીહરિ એ ઉંબરા ઉપર બેસી સ્વીકારતા હતા અને બ્રહ્મચારીને તે વસ્તુઓ મૂર્તિઓને ધરાવવા આપતા હતા. એ જ ઉંબરા ઉપર ઊભા રહી શ્રીહરિએ શ્રી નરનારાયણ દેવ સામે દૃષ્ટિ જોડીને પોતાનું તેજ તે મૂર્તિઓમાં સ્થાપન કર્યું હતું.

આ ઉંબરા ઉપર બેસી શ્રીહરિએ ઘણી વખત થાળ પણ ગ્રહણ કર્યો છે. આ પ્રાસાદિક ઉંબરો યથાવત્ જળવાયો છે.

## - સભામંડપ અને બેઠક

મંદિરની સન્મુખ આવેલા આ સભામંડપના સ્થાને મંદિર કરાવ્યા પહેલાં શ્રીહરિએ સંતોને ઊતરવા માટે ધર્મશાળા બંધાવી હતી. તે ધર્મશાળામાં શ્રીહરિ ઘણી વખત ઊતરતા તથા સંતોને મળવા પણ ઘણી વખત પધારતા. તેમાં સંતોની પંક્તિ કરાવી શ્રીહરિ સ્વયં સૌને પીરસતા અને પીરસતાં પીરસતાં પંક્તિના બેય છેડે ખુરશી મુકાવી તેના ઉપર બેસતા અને સૌને દર્શનદાન આપતા.

બેઠક : મંદિરના ઉત્તર તરફનાં પગથિયાંની આથમણી તરફની બેઠક ઉપર થાંભલા પાસે શ્રીહરિ ઘણી વખત બેસતા તેથી તે બેઠક પ્રસાદીની છે. હાલમાં તે બેઠક ફેરવી નાખેલી હોઈ ત્યાં થાંભલા પાસે ઓટો કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે. અને તે બેઠકનો પ્રસાદીનો પથ્થર રંગમહોલનાં પગથિયાં ચઢતાં જમણા હાથ તરફ દર્શન કરવા મૂકેલો છે. જેની નીચે તે અંગેનો લેખ ચોડેલો છે.

## - પ્રાસાદિક સ્તંભ અને છત્રી

મંદિરની સન્મુખ આવેલા ચોક વચ્ચે હાલ એક સ્મૃતિ-છત્રી છે. તે જગ્યાએ ભગવાન શ્રી સ્વામિનારાયણે પાટ ઉપર ઊભા રહી સંતો-હરિભક્તોને ઘણી વાર રંગે રંગ્યા છે. તથા સભામાં પાટ ઉપર બિરાજી દર્શન તથા ઉપદેશ આપતાં તેનાં વચનામૃતો પણ છે. મંદિરના મધ્ય ઘુમ્મટનો એક થાંભલો પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. મંદિરનું નિર્માણ ચાલતું હતું ત્યારે હરિભક્તો ગાડાં લઈને હિંમતનગરથી પથ્થર લાવવાની સેવા કરવા આવતા હતા. એક વખત પચાસ ગાડાંની એક વણઝાર પથ્થર લઈ અમદાવાદ આવી રહી હતી. રસ્તામાં એક ગરીબ હરિભક્તના એક બળદનો પગ ભાંગ્યો. પછી નજીકના ગામમાંથી બે ગાડાં ભાડે કરી, એક ગાડામાં બળદને નાખ્યો અને બીજા ગાડામાં પથ્થર ભરીને અમદાવાદ લાવ્યા. ગરીબનિવાઝ શ્રીહરિએ બળદને પાટાપિંડી કરાવી એટલું જ નહીં, તે ગરીબ ભક્તની સેવા બિરદાવવા તે પથ્થરનો થાંભલો ઘડાવીને ઊભો કર્યો અને તે થાંભલાને ખૂબ ભેટ્યા. એ ભક્તની સેવાની સ્મૃતિ ચિરંતન બનાવી દીધી.

## - ભવ્ય દરવાજો અને છત્રી

આજે મંદિરની શોભા વધારતી હવેલીના સ્થાને પૂર્વે એક મોટો ચોક હતો. શ્રીહરિ તે જગ્યાએ સભા કરી પાટ ઉપર બેસતા. તે જ સ્થળે શ્રીહરિએ સર્વે સભાજનોને દેખાડવા નટો રમાડ્યા હતા અને તેમાં એકાગ્રવૃત્તિ રાખવાથી તથા અભ્યાસથી કેવું કામ થાય છે તેવો બોધ આપીને ભગવાનની મૂર્તિ ધારવા આદેશ આપ્યો હતો. આ જ સ્થાને શ્રીહરિ સમૈયામાં હરિભક્તોને જમાડતા. આ પ્રાસાદિક સ્થાને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સં. ૧૯૦૨ની સાલમાં હવેલી બંધાવી છે. આ હવેલી કલામય થાંભલા, પાટડા, કુંભીઓની કોતરણીને કારણે અમદાવાદના સ્થાપત્યના એક નમૂનારૂપ છે.

**દરવાજો :** હાલના દરવાજાની જગ્યાએ પૂર્વે સુંદર મેડાબંધ દરવાજો હતો. તેના ઉપર શ્રીહરિ ઘણી વાર રહેતા, પોઢતા, તેની અગાસીમાં ઊભા રહી દર્શન પણ આપતા. તે દરવાજા ઉપર શ્રીહરિએ શ્રીવાસુદેવમાહાત્મ્ય વંચાવેલું છે. મંદિરના દરવાજા પાસે પૂર્વે લીંબડો હતો જેની નીચે પાટ ઉપર બિરાજી શ્રીહરિ વચનામૃતનો બોધ આપતા. તે લીંબડો પડી જવાથી હાલ ત્યાં છત્રી રચવામાં આવી છે.

## - પ્રાસાદિક બારી અને સુખશૈયા

મંદિરનું નિર્માણ થઈ રહ્યું હતું તે અરસામાં શ્રીહરિને ઊતરવા માટે સંતો-ભક્તોએ આ રંગમહોલ બંધાવ્યો હતો. શ્રીહરિ જ્યારે અમદાવાદ પધારતા ત્યારે અહીં ઊતરતા. તેમાં શ્રીહરિ ઉપયોગમાં લેતા તે ચોકડી તથા જે બારીમાં બિરાજતા તે પ્રાસાદિક બારી અને ચોકડી રંગમહોલના મેડા ઉપર યથાવત્ છે. રંગમહોલના ઉપરના તથા નીચેના ભાગમાં સુખશય્યા તરીકે વપરાતી પાટ ઉપર શ્રીહરિ બિરાજતા અને અમદાવાદમાં ફૂલદોલનો ઉત્સવ કરતા ત્યારે તે પાટ ઉપર ચઢી રંગ ઉડાડતા. એમ પ્રાસાદિક રંગમહોલ, ચોકડી, બારીઓ, પાટ વગેરે દર્શનીય છે. રંગમહોલના મેડા ઉપર શ્રીહરિનો પ્રાસાદિક મેનો વગેરે વસ્તુઓ પણ દર્શનીય છે.

શ્રીહરિ રંગમહોલમાં ઊતરતા ત્યારે નીચે આવેલા કૂવાના થાળામાં બેસીને સ્નાન કરતા તથા આ કૂવાનું પાણી પીવા વગેરેના ઉપયોગમાં લેતા. આ પ્રાસાદિક કૂવાની સ્મૃતિ માટે તે કૂવાના થાળાની જગ્યાએ આરસની છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે. કૂવાને ઉપરથી બંધ કરી ઉપર આરસનો ઓટો કરાવી ચરણારવિંદ પધરાવ્યાં છે.